# ગુલિસ્તાને ઈસ્લામના ફૂલો

**નોટ** કારેઈનથી ગુઝારિશ છે કે, આ કોલમમાં હમેં ઈસ્લામની શરીઅતના અરકાનની કિસ્તવાર અને મુસલસિલ દાઅવતના કિતાબોમાંથી સનદ આપીશું. જે રિવાયતો ઘણી ઝરૂરી, મરકઝી અને અહમ હશે એ જ રિવાયતોને હમેં સમાવીશું, જે સબબથી શરીઅતના આઅમાલની અદાયેગીમાં મુમેનીનથી જે કુસૂર રહી જાય છે તેની ઈસ્લાહ થઈ શકે. લેહાઝા વાલેદૈનથી વાલેહાના ગુઝારિશ છે કે, આ રિવાયતો અને આયાતે કુરઆનીની સમઝ પોતાના અહલો ખાનદાનના દરમિયાન પઢીને અને પઢાવીને આપે જેથી માઅલૂમાતમાં ઈઝાફો થાય અને હમારો મકસદ બર આવે.

❋ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "અય મુમિનો, જે વક્ત તમેં નમાઝ વાસ્તે ઊભા થાવ તો તમેં તમારા મૂઁહને અને તમારા હાથોને કોણીને સાથે ધોવ અને તમારા માથાઓને અને પગોને તખ્ના તક મસહ કરો અને અગર તમેં જનાબતવાલા હોવ તો ગુસ્લ કરી લો." બીજી આયતમાં બયાન છે કે, "તે મસ્જિદ કે જેની બુનિયાદ પરહૈઝગારી પર રાખવામાં આવી છે, પહેલા જ દિનથી એ ઝિયાદહ હક્ક રાખે છે કે આપ એમાં નમાઝ પઢો. એ મસ્જિદમાં કેટલા મરદો છે જે પાકીને પસંદ કરે છે અને અલ્લાહ પણ પાક થાનારને પસંદ કરે છે."

❋ રિવાયતમાં છે કે, કૌમે કબાના લોગો આ સાંભલીને તે દિનથી જ પાનીથી ઈસ્તિન્જા કરવા લાગા અને બીજાઓ પત્થર થી. બીજી જગા પર અલ્લાહતઆલા ફરમાવે છે કે, "અય ગોદડી ઓઢનાર (રસૂલ (સ.અ.વ.વ.)) ઊઠો, પછી લોગોને ડરાવો અને આપના પરવરદિગારની તકબીર કરો અને આપના કપડાને પાકો સાફ કરો." હજી રબ્બુલ ઈઝ્ઝત ફરમાવે છે કે, "તે ખુદા તમારા ઉપર આસ્માનથી પાનીને ઉતારે છે જેથી તમને એ પાનીથી પાક કરે અને તમારાથી શયતાનની નાપાકીને દૂર કરે અને તમારા દિલોને મઝબૂતીથી બાંધે અને એ પાનીથી કદમોને સાબિત કરે."

❋ હઝરત અલી (અ.સ.) રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) થી રિવાયત કરે છે કે, "અલ્લાહતઆલા કયામતના દિન મારી ઉમ્મતને તમામ ઉમ્મતોને દરમિયાન હાથ-મૂઁહની રોશની સાથે ઉઠાવશે, વુઝુના અમલના આસારના સબબ." ★

❋ મૌલાના અલી (અ.સ.) રસૂલુલ્લાહ બાવાજીથી રિવાયત કરે છે કે, આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું, "જે વક્ત મેં આસ્માનની તરફ લઈ જાવામાં આવો, તો મને કહેવામાં આવું કે, અય રિસાલતમઆબ, બલંદ મકામ ફરિશ્તાઓની જમાઅત કઈ બાબતમાં એકબીજા સાથે ઝઘડો કરે છે ? મેં કહ્યું કે, મને ખબર નથી ! અય જિબ્રાઈલ તમેં મને બતાવો. જિબ્રાઈલ (અ.સ.) એ કહ્યું કે, સખ્ત ઠંડીમાં કામિલ તૌરથી વુઝૂ કરવામાં, ઈમામતની નમાઝમાં શામિલ થાવા વાસ્તે મસ્જિદ તરફ જલ્દી કરવામાં અને એક નમાઝ બાદ બીજી નમાઝનો ઈન્તેઝાર કરવામાં આ ફરિશ્તાઓની જમાઅત એકબીજા સાથે મુસાબેકત કરે છે.

❋ આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, "વુઝૂ કરો તે વક્ત તમારી આઁખોને પાનીથી તર કરો, તેમાં છાલક મારો. અને જે શખ્સ પૂરા તૌર પર મુકમ્મિલ તરતીબ સાથે વુઝૂ કરે અને તે પછી મસ્જિદમાં જાય તો જહાઁ તક એ નમાઝનો અમલ શુરૂ ન કરે યા એને હદસ ન થાય ત્યાં તક એ ઈબાદતની હાલતમાં જ ગીનાય."

❋ આપ (અ.સ.) થી રિવાયત છે કે નમાઝની બુનિયાદ ચાર હિસ્સાઓ પર રચવામાં આવી છે :
(૧) કામિલ અને સહીહ વુઝૂ (૨) રૂકૂઅ (૩) સુજૂદ અને (૪) ખુશૂઅ-ખુઝૂઅ યા તકવા.
હવે જે શખ્સ આ ચારે અરકાનને નમાઝમાં બરાબર અદા ન કરે તો એની નમાઝ "ખેદાજ" છે. યાઅની નાકિસ અને નાતમામ છે. આપ (અ.સ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ બાવાજીને મેં કહેતા સાંભલા છે કે, તહારત-પાકી અડધું ઈમાન છે અને આપ (સ.અ.વ.વ.) કહેતા કે, શું મેં તમને એવી ચીઝ ન બતાવું જે તમારા ગુનાહો અને ખતાઓને માંજી નાખે, મીટાવી દે. તે છે કામિલ વુઝૂ કરવું, સખ્ત અને મુશ્કિલ હાલતમાં, એક નમાઝ બાદ બીજી નમાઝની વાર જોવી, આ અમલ જેહાદ કરવાને બરાબર છે. ★

✯ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી મન્કૂલ છે કે, " તહારત બગૈર કોઈ પણ નમાઝ જાઈઝ નથી અને અલ્લાહ નમાઝને હરગિઝ કુબૂલ નહીં કરે મગર તહારત સાથે."

✯ મૌલાના અલી (અ.સ.) થી રિવાયત છે કે, " આપ હર નમાઝ પહેલા વુઝૂને નવી કરતા હતા. એ સબબથી નહીં કે વુઝૂને નવી કરવું વાજિબ છે જહાઁ તક હદસ ન થાય, પણ ફક્ત અલ્લાહના ફઝલો સવાબને હાસિલ કરવા આપ આ મુજબ અમલ કરતા હતા.

✯ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "હદસ થવાથી વુઝૂ તુટી જાય છે અને નમાઝ પઢતા પહેલા ફરીથી વુઝૂ કરવું વાજિબ થાય છે. કોઈ શખ્સ જહાઁ તક હદસ નથી કરતો, મતલબ કે સુઈ નથી જાતો, બૈરો સાથે હમબિસ્તરી નથી કરતો, બેહોશ નથી થાતો, પેશાબના રસ્તેથી પેશાબ, ખૂન, પીપ યા મની નથી નીકલતી, સંડાસના રસ્તેથી કીડા, હવા, ખૂન યા નજાસત નથી નીકલતી અથવા કોઈ ભીંગાશનો એહસાસ નથી થાતો વહાઁ તક એની વુઝૂ દુરૂસ્ત અને બરકરાર છે. એ જેટલી ચાહે એટલી નમાઝ એ વુઝૂને ઝરીએ પઢી શકે છે.

✯ હદસ બે તરહનો હોય છે, એક એ જેથી ફકત વુઝૂ વાજિબ થાય છે અને બીજો એ કે જેથી વુઝૂ અને ગુસુલ બેવે વાજિબ થાય છે. ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) થી રિવાયત છે કે, "જે ચીઝો ફક્ત વુઝૂને વાજિબ કરે છે, તે છે પેશાબ કરવું, સંડાસ કરવી, સંડાસના રસ્તેથી હવા નીકલવી, પેશાબના રસ્તેથી મઝી નીકલવી જે પતલું પાની હોય છે અને તે બૈરોથી કરીબ થવાના શૌકથી નીકલે છે, મની નહીં, સુઈ જાવું એ તરહથી કે આસપાસના હાલાત કે માહૌલનો એહસાસ ન થાય." ★

❋ જે શખ્સને પેશાબના રસ્તેથી મઝી નીકલા કરતી હોય યા ભીગાશનો એહસાસ થાયા કરતો હોય તો તે હર નમાઝ વાસ્તે વુઝૂ કરે અને એક કપડાની થેલી બનાવી રાખે અને તેને પેશાબના માથા પર બાંધી દે અને તેને પાનીથી તર કરી દે. આ હાલતમાં એ શખ્સ નમાઝ પઢે અને અગર એને પેશાબની જગા પર ભીગાશનો એહસાસ થાય તો એ સમઝે કે આ તે જ પાની છે જેને એં છીરકું હતું અને નમાઝને કાઈમ રાખે.

❋ ઈન્જેકશન મુકાવે, ઓપરેશન કરાવે, ઊલટી થાય, ખૂન-પીપ યા પીપવાલું ખૂન પેશાબ અને સંડાસની જગા સિવાય કોઈ પણ ઝખમ, ગુમડા યા ફોડા-ફૂંસીથી નીકલે અને અગર એ શખ્સ વુઝૂની હાલતમાં હોય તો એની વુઝૂ બરકરાર છે. જિસ્મનો એ હિસ્સો જે ખૂન યા પીપથી ખરાબ થયો હોય તેને ધોઈ નાખે, અને જો ઊલટી થઈ હોય તો કુલ્લી કરે અને નમાઝ અદા કરે.

❋ અઈમ્મતે તાહેરીન (અ.સ.)થી બયાન આવેલું છે કે, સંડાસ (ગાઈત) ના મખ્રજથી યા પેશાબ ના મખ્રજ (રસ્તે)થી કોઈ પણ ચીઝ નીકલે તો એ હદસ થયો કહેવાય જેનાથી વુઝૂ વાજિબ થાય છે. અગર વુઝૂની હાલતમાં હોય તો આ ચીઝોનું નીકલવું વુઝૂને તોડી નાખે છે.

❋ આપ (અ.સ.) થી એમ પણ બયાન છે કે, પોતાના બૈરોને બોસો દેવું (ચુમવું), તેના જિસ્મના કોઈ પણ આઅઝાને હાથ લગાવવું જેમાં શરમગાહ પણ શામિલ છે, વુઝૂ તુટતી નથી. આ જ મિસ્લ ઝબીહત નો ગૌશ્ત, દૂધ યા કોઈ પણ પકવાનને હાથ લગાવવાથી યા તેને ખાવાથી વુઝૂ તુટતી નથી.

❋ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, આપને નઝદીક બકરીનો બાફેલો ગોશ્ત લાવવામાં આવો અને તે વક્ત બિલાલ અઝાન દઈ ચુકા હતા. આપે અસ્હાબ ને અમર કીધો કે, નમાઝ વાસ્તે થોડી તાખીર કરે યહાઁ તક કે આપે અને અસ્હાબો એ તે ગોશ્ત જમો અને પછી ઊંટણીનું દૂધ મંગાવું અને તેમાં પાની મીલાવીને તમામે પીધું. આપ ફારિગ થયા અને પાનીને હાથ લગાવા બગૈર આપે નમાઝ અદા કીધી. આપ (સ.અ.વ.વ.) એ આ અમલે ખાસ ગાલેબન એ વાસ્તે કીધો કે આપની ઉમ્મતના લોગોને બતાવી દે કે આ મુજબ કરવું જાઈઝ છે.
જમવા પહેલા અને પછી હાથ ધોવા જોઈએ, અને આ અમલ પાકી અને ચોખ્ખાઈની અલામત છે. વુઝૂ કીધા બાદ જો કોઈ ચીઝ જમે અને હાથ ધોવાની ઝરૂરત પૈશ ન થાય તો તે જ હાલતમાં નમાઝ કાઈમ કરે. આગ પર પાકેલી કોઈ પણ જાઈઝ ચીઝનું જમવું યા પીવું હદસ નથી કે જે વુઝૂને વાજિબ કરે છે. મગર તે જમન-પાની જે હલાલ છે, તે પાક છે અને વુઝૂની હાલતમાં પાક ચીઝને હાથ લગાવવો યા તેને જમવું-પીવું વુઝૂમાં ફસાદ પૈદા કરતું નથી.

❋ આપ (અ.સ.) એ ફરમાવું કે, વુઝૂની હાલતમાં નખ કતરવાથી, માથાના બાલની કટીંગ કરાવવાથી, મૂંછના બાલ ને ઉસ્તવાર કરવાથી વુઝૂ તુટતી નથી, મગર બેહતર તો એ છે કે તે જગાને પાનીથી બરાબર સાફ કરી દે. ★

❋ ઈમામ (અ.સ.) ફરમાવે છે કે, "શક યકીનને તોડી શકે નહી. જે શખ્સને યકીન હોય કે તેને વુઝૂ કીધેલી છે અને પછી હદસ થાવાનો શક થાય તો તે વુઝૂ પર યકીન રાખે, ફક્ત શક કરવાથી તેની વુઝૂ તુટતી નથી. અગર તે શખ્સને વુઝૂ કીધા બાદ હદસ થાવાનું યકીન થાય, તો આ હાલતમાં તે વુઝૂ પાછી કરે. હવે જે શખ્સને હદસ થાવાનું યકીન થયું અને પછી એમ શક થાય કે વુઝૂ કીધી છે કે નહી, તો વુઝૂ કીધા બગૈર નમાઝ પઢે નહી; અને તેને વુઝૂ કીધાનું યકીન થાય તો નમાઝ પઢી શકે છે."

❋ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "તમેં તમારી ઔરત (શરમગાહ) ને પડદો કરો, ઝાહિર ન થાવા દો અને મુસ્લેમીનની ઔરત તરફ ન જોવ, તમારી આંખો ને નીચી કરી લો. આપે એમ પણ ફરમાવું કે, મરદની ઔરત ગુંઠનથી ડુંટી તક છે અને બૈરો પૂરેપૂરી માથાથી પગ તક ઔરત છે. ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, મુમિન એવી જગામાં હોય જ્યાં એને કોઈ જોતું ન હોય તો પણ એને પોતાની ઔરત ખુલ્લી ન કરવી જોઈએ.

❋ ઈમામ (અ.સ.) સાથે ચંદ અસ્હાબ પાનીમાં ઉતરા અને આપ (અ.સ.) એ લુંગી (ઈઝાર) પહેરેલી હતી, જેને આપે ઉતારી નહી. અસ્હાબમાંથી એકે પૂછું કે, અય સાહબ ! આપ તો પાનીમાં ઉભેલા છો અને આપનું અડધુ જિસ્મ પાનીમાં છુપાય ગયું છે, તો પછી આપે લુંગી ક્યા સબબ પહેરેલી રાખી ? આપ (અ.સ.) એ ફરમાવું કે, "પાનીમાં પણ કોઈ જીવ વસે છે જેનાથી પડદો કરવો જોઈએ." આપનો આ અમલ તો ઈઝ્ઝતો એહતેરામની હિફાઝત કરવાનો હતો.

❋ પેશાબ અને સંડાસ (ખલા) કરવાની હાલતમાં વાત કરવાથી તેમજ આ જ હાલતમાં કોઈ સલામ બોલું હોય તેને સલામનો જવાબ આપવાથી ઈમામ (અ.સ.) એ રોકા છે, મનાઅ કીધું છે; અને આપ (અ.સ.) રિવાયત બયાન કરે છે કે, રસૂલે આકા (સ.અ.વ.વ.) જે વક્ત બૈતુલ ખલામાં દાખિલ થાતા તો મકનો બાંધતા અને કપડાથી માથાને ઢાંકતા અને આપ પર કોઈની નઝર પડતી નહીં. સફરમાં જે વક્ત ઝરૂરી કુદરતી હાજત પૂરી કરવાનો આપ ઈરાદો કરતા તો ઘણા દૂર પધારી જાતા, બિલકુલ લોગોની નઝર થી દૂર છુપી તૌર પર હાજતને પૂરી કરતા.

❋ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, આ વાત મરદની તેહઝીબ અને અદબમાંથી છે કે, જે વક્ત પેશાબ-સંડાસ યા બલગમ-થુંક નીકાલવાની જગાને તલાશ કરે તો એવી હાલતમાં ન કરે કે બીજા લોગો તેને જોતા હોય. ★

❋ ઈમામ (અ.સ.) થી રિવાયત છે કે, આપે ચંદ લોગોને ઘરમાં મખ્રજ (બૈતુલ ખલા) બનાવવાનો હુકુમ કીધો. તો તમામે ઘરમાં એવી જગા પર મખ્રજ બનાવી જે ખુલ્લી હતી અને તેને આસપાસ કોઈ પડદો ન હતો. આપ (અ.સ.) એ ફરમાવું કે, "અય લોગો ! તમેં ગૌર કરો કે અલ્લાહ સુબ્હાનહુ એ જે વક્ત ઈન્સાનને પૈદા કીધો તો તેની શરમગાહોને તેના જિસ્મની ખૂબ મખ્ફી જગામાં બનાવી, એ જ મુતાબિક મખ્રજ (સંડાસ) ને પણ ઘરની બિલકુલ મખ્ફી જગામાં બનાવવી જોઈએ." આ ફરમાનની બીજી માઅના એ થાય છે કે, ઈન્સાનને પોતાના તેમજ બીજાના ઐબને છુપાવવા જોઈએ અને મખ્ફી તૌર પર તે ઐબથી પોતાની ઝાતને પાકો સાફ કરવી જોઈએ; **તે પહેલા કે ઐબ બીજાને દરમિયાન ઝાહિર થઇ જાય.**

- ❋ શરીઅતની હર અદનામાં અદના ચીઝ મુમિન વાસ્તે મન્ફેઅત ભરી અને ફાયદા કુન છે. શરીઅત દીનદાર બંદાઓની ખુદ મુહાફિઝ છે. જે લોગો શરીઅતના અહકામને બરાબર સમઝીને તે પર અમલ કરશે તો તેઓને કોઇ વક્ત નદામત-શરમિંદગીનો સામનો નહીં કરવો પડે. તહારત-પાકી-ચોખ્ખાઇની શરીઅતમાં એ હદ તક તકેદારી રાખવામાં આવી છે કે, પોતે રસૂલે ખુદા (સ.અ.વ.વ.) એ દસ ચીઝો એવી બતાવેલી છે કે જેમાં નાપાકી અને ગંદકી કરવું નાજાઇઝ છે. પાક પાની તેમજ પીવાના પાનીના ઝખીરાની મુહાફેઝત કરવા આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, નહેર-તાલાબ-થમેલું ચોખ્ખું પાની-કુઁવા-નદીમાં તેમજ તેના લબ (કાંઠા) પર પેશાબ-નજાસત કરવી ન જોઇએ. જો કોઇ શખ્સ પાક-ચોખ્ખા પાનીને નજાસતથી બીગાડી દેશે તો **અલ્લાહની રેહમતનો તવજ્જોહ તે શખ્સ પરથી હટી જાશે.**
- ❋ આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, રસ્તા પરથી આમ લોગોનો ગુઝર થાતો હોય તે જગા પર કચરો ન ફેંકવો જોઇએ યા પેશાબ-નજાસત ન કરવી જોઇએ જેથી બીજા ગુઝરનારને તકલીફ પહોંચતી હોય. એવું દરખ્ત જે પર ફૂલ લાગા હોય યા રાહદારી તેના સાયામાં આરામ કરતા હોય; ઘરને નઝદીક ખુલ્લી જગા હોય યા સહેન કે આંગણું હોય; કબરો ને નઝદીક જ્યાં લોગો ઝિયારત વાસ્તે આવતા હોય અને જ્યાં કુરઆનખ્વાની થાતી હોય; આ જગાઓ પર ગંદકી યા નજાસત કરવાથી બિલકુલ પરહેઝ કરવો જોઇએ.
- ❋ બૈતુલ ખલામાં ખલાનું વાસણ કિબ્લા રૂખ ન હોવું જોઇએ. આનો મતલબ એ થાય છે કે ખલા કરવા બેસે તો કિબ્લા સામે કે કિબ્લાને પીઠ કરીને ન બેસે. કિબ્લો એ બૈતુલ્લાહ તરફ ઇશારો કરે છે તો તે રૂખ તરફ નાપાકીને નીકાલવા ન બેસે જે રૂખ તરફ બેસીને પાકીની હાલતમાં નમાઝ પઢવાનો હુકુમ છે. ઇસ્લામી તેહઝીબ મુજબ પેશાબ બેસીને જ કરવી જોઇએ; એવી ઉંચી જગા પરથી ન કરે જેથી નાપાકીના છાંટા બીજાના કપડા પર ઉડે. પાકીની આ તેહઝીબને જો હર કોઇ મુમિન પોતાની રોઝમર્રાની આદત બનાવી લે તો બીજી કૌમ દરમિયાન મુમેનીનનો એક આઅલા અને મુમ્તાઝ મુકામ બની જાય.
- ❋ મૌલાના અલી (અ.સ.) જે વક્ત કઝાએ હાજત વાસ્તે બૈતુલ ખલામાં જાતા તો આપ ફરમાવતા કે, **" અય અલ્લાહ ! હું તારી ઝાતે પાકની પનાહ ચાહું છું નાપાક ખબીસ શયતાન રજીમથી. "** પછી જે વક્ત આપ હાજતથી ફારિગ થઇને નીકલતા તો આપ ફરમાવતા કે, "તમામ હમ્દો સના અલ્લાહ વાસ્તે છે જેએ મને મારા જિસ્મમાં સેહત-આફીયત બખ્શી અને તાઅરીફ અલ્લાહ વાસ્તે છે જેએ મારાથી ઇઝા-તકલીફને દૂર કીધી." ★
- ❋ ઇમામ (અ.સ.) થી ફરમાન છે કે, અગર ઇસ્તિન્જા વાસ્તે પાની મયસ્સર ન થાય તો પત્થર, ઇંટ, કપડું યા રૂ થી શરમગાહોને સાફ કરે; અને જો પાની મયસ્સર થાય તો તેનાથી ઇસ્તિન્જા કરવી જોઇએ જેથી નજાસતનો અસર અને બદબૂ બિલકુલ ઝાઇલ થઇ જાય. હાડકા, છાણા, કોલસા યા બીજી જમવાની ચીઝોથી ઇસ્તિન્જા ન કરવી જોઇએ. મદીનામાં મસ્જિદે કુબાના લોગો જાઇઝ ચીઝોથી ઇસ્તિન્જા કરતા હતા અને તેઓનો **આ અમલ અલ્લાહતઆલાને ઘણો પસંદ હતો.**
- ❋ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, "હર અમલ નિય્યત પર મબ્ની છે; તેથી નિય્યત બગૈર વુઝૂ જાઇઝ નથી. જે શખ્સ વુઝૂ કરે અને તે એનાથી કઇ નમાઝ પઢી રહ્યો છે તેની નિય્યત ન કરે તો એ વુઝૂથી કોઇ પણ તરહની નમાઝ પઢવું જાઇઝ નથી. જેમકે ચાર રકઆત નમાઝ પઢવા વાસ્તે ઊભો થાય અને ઝોહરના ફરઝની નિય્યત ન કરે તો તેએ ઝોહરના ફરઝની ચાર રકઆત પઢી ન કહેવાય. રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે,"નિય્યત બગૈર કોઇ અમલ દુરસ્ત નથી, યકીન બગૈરની ઇબાદત કામની નથી અને પરહેઝગારી બગૈરની કરામત મુમ્કિન નથી."
- ❋ ઇમામ (અ.સ.) એ હુકમ કીધો છે કે, વુઝૂના શુરૂમાં **" બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ "** પઢે. આપ (અ.સ.) થી એ પણ બયાન છે કે, જે શખ્સ વુઝૂ કરતા પહેલા અલ્લાહની ઝિક્ર કરે તો પણ ચાલે અને બિસ્મિલ્લાહ બોલીને વુઝૂ કરે તો ગુસ્લનો સવાબ મીલે; અને જો બિસ્મિલ્લાહ બોલતા ભુલી જાય તો વુઝૂ જાઇઝ છે.
- ❋ ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી મન્કૂલ છે કે, જે વક્ત મુમિન વુઝૂની ઇબ્તેદા કરે તો આ મિસ્લ બોલે, **" બિસ્મિલ્લાહે વઅલા મિલ્લતે રસૂલિલ્લાહે અશહદો અન લાઇલાહા ઇલ્લલ્લાહો વહદહૂ લા શરીકા લહૂ વ અશહદો અન્ના મોહંદન અબદોહૂ વ રસૂલોહૂ. "** યાઅની હું અલ્લાહના નામથી શુરૂ કરૂં છું અને રસૂલુલ્લાહની મિલ્લત ઉપર શહાદત આપું છું કે, અલ્લાહ સિવાય કોઇ માઅબૂદ નથી, એ એક છે એનો કોઇ શરીક નથી; અને હું શહાદત આપું છું કે મોહંમદ અલ્લાહના બંદા છે અને એના રસૂલ છે.
- ❋ મૌલાના અલી (અ.સ.) થી રિવાયત છે કે, અગર કોઇ મુસ્લિમ વુઝૂ કરે અને તેથી ફારિગ થાય તો આ મુજબ દોઆ પઢે. **" સુબ્હાનકા અલ્લાહુમ્મા વ બેહમ્દેકા અશહદો અન લાઇલાહા ઇલ્લા અન્તા અસ્તગફેરોકા વ અતૂબો એલેયકા. અલ્લાહુમ્મજ અલ્ની મિનત તૌવાબીના વજઅલ્ની મિનલ મોતતહહેરીન "**, યાઅની પાક ઝાત છે તું અય અલ્લાહ અને તારા હમ્દના કસમ હું શહાદત આપું છું કે, તારા સિવાય કોઇ માઅબૂદ નથી. હું તારી ઝાતે પાકથી બખ્શિશે ગુનાહ ચાહું છું અને તારી તરફ રૂખ કરી તૌબા કરૂં છું. અય અલ્લાહ, તું મને તૌબા કરનારાઓ માંથી કરજે અને પાક થાનારાઓ માંથી કરજે.

  વુઝૂ કરનારના લબો માંથી આ દોઆ નીકલશે તો એક વરક (કાગઝ) માં લખાશે અને તેના પર મોહર મારી બંધ કરવામાં આવશે તે પછી અરશના નીચે હિફાઝતથી મુકાઇ જાશે. હવે જે વક્ત યૌમે કિયામત આવશે તો તે મોહરબંધ વરક એ વુઝૂ કરનારના હાથમાં આપવામાં આવશે જે બીજાઓને દરમિયાન એની ફઝીલતમાં વધારો કરશે.
- ❋ ઇમામ (અ.સ.) થી ફરમાન છે કે, "વુઝૂ કરતા પહેલા, વુઝૂ કરવાની જગા, તેનું વાસણ અને પાની સાફ અને ચોખ્ખું હોવું જોઇએ. હર તે ચીઝ જે પાકીમાં ફસાદ પૈદા કરે છે તેથી દૂર રહેવું જોઇએ. મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે સંડાસના રસ્તેથી હદસ (હવાછૂટ) થાય તે સિવાય પેશાબ-સંડાસ યા જનાબતના સબબ યા બેવે મખ્રજથી જે પણ કઇ નીકલે તેથી ઇસ્તિન્જા વાજિબ થાય છે. હવે જે શખ્સ હવાછૂટ બાદ પણ ઇસ્તિન્જા કરે તો તે તાહેરાના ઇસ્તિન્જા કહેવાશે. જે શખ્સ ફક્ત ફઝલ અને ચોખ્ખાઇના મતલબથી ઇસ્તિન્જા કરે અને વાજિબ સમઝીને નહીં તો તે બેહતર અમલ છે. ★
- ❋ અલ્લાહતઆલા ફરમાવે છે કે, "ઇન્નલ્લાહા યોહિબ્બુત તૌવાબીના વ યોહિબ્બુલ મોતતાહહેરીન", યાઅની બેશક અલ્લાહ તૌબા કરનારાઓ અને પાક થાનારાઓ ને મોહબ્બત કરે છે. મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, પાકીઝા રહેવું આઅલા અખ્લાકમાંથી એક છે અને નજાસતને દૂર કરવું તો હર હાલમાં વાજિબ છે. લેહાઝા વુઝૂ પહેલા ઇસ્તિન્જા કરવી જોઇએ. પહેલે નજાસતના બેવે મખ્રજને સાફ કરવા જોઇએ તે પછી તેને દરમિયાનના હિસ્સાને ડાબા હાથથી સાફ કરવો જોઇએ. જમણા હાથથી ઇસ્તિન્જા કરવું મકરૂહ છે અલ્બત્તા કોઇ સબબ હોય તો એ કરવામાં કોઇ હરજ નથી.
- ❋ ઇસ્તિન્જા કીધા બાદ ડાબા હાથને બરાબર પાક કરે, તે બાદ બેવે હાથને પાક કરે, તે બાદ જે નમાઝ યા ગુસ્લ વાસ્તે વુઝૂ ઇબ્તેદા કીધી હોય તેની નિય્યત લે. ઇમામ મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, મૂઁહને ધોતા પહેલા રસૂલે કરીમ (સ.અ.વ.વ.) એ કુલ્લી કરવાનો અને નાકમાં પાની નાખવાનો હુકમ કીધો છે. કુલ્લી કરે તે વક્ત તસ્બીહ કરવાની આંગલી અને અંગૂઠાને દાંતો પર ફીરાવે અને આ અમલ દાતન કરવા મુજબ છે. કુલ્લી કરવું યા નાકમાં પાની નાખવું વુઝૂના બુનિયાદી અરકાનમાંથી નથી કેમ કે, કુરઆને કરીમમાં એની ઝિક્ર આવી નથી,પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ અમલ કીધો છે; લેહાઝા આ બેવે અમલ વુઝૂમાં સુન્નત છે. જાણી જોઇને તેને છોડવું ન જોઇએ અને તેની તૌહીન ન કરવી જોઇએ. કુલ્લી કરે તે વક્ત ખોબલા માં પાની લે, તેને મૂઁહમાં ભરીને જમણા હાથની તૌબા આંગલી અને અંગૂઠાથી દાંતોને ઘસીને સાફ કરે અને પાનીને ફેંકી દે. આ અમલ ત્રણ વક્ત કરે અને સાથે તે વાસ્તે બતાવેલી દોઆ પઢે.
- ❋ તે બાદ ખોબલામાં પાની ભરીને નાકથી પાનીને થોડું સુંઘે જેથી પાની નાકના ઉપરના હિસ્સા તક પહોંચે. આ મુજબ ત્રણ વક્ત કરે અને સાથે દોઆ પઢે. વુઝૂમાં ચાર અહમ અરકાન છે જેની ઝિક્ર અલ્લાહ એ પોતાની કિતાબમાં કીધેલી છે. તેમાંથી બે આઅઝાને ધોવાનું ફરમાન છે અને બે આઅઝા પર ફક્ત મસહ કરવાનો હુકમ છે. મૂઁહ અને બે હાથને ધોઇ તેમજ માથું અને બે પગ પર મસહ કરે.
- ❋ જે વક્ત મૂઁહને ધોઇ તો બેવે હાથને પાનીથી પૂરા તર-બ-તર કરે અને પછી પૈશાની (માથાના બાલ ઉગવાની જગા) થી લઇને ચેહરાના બેવે પાસા પર હાથ ફીરાવીને દાઢીના અંદરના હિસ્સા તક પાની પહોંચાવે. પાનીવાલા બેવે હાથથી ચેહરાને ઘસીને ધોઇ અને દાઢીના બાલમાં ખિલાલ કરીને તેની ચામડી તક પાનીને પહોંચાવે. આ અમલ કરવાને સાથે બેવે આંખોમાં પાનીની છાલક મારે જે કરવું ઘણું મુસ્તહબ છે અને સવાબો ફઝલ હાસિલ કરવાનો સબબ છે. આ મુજબ ત્રણ મરતબા કરે અને સાથે તેની મખ્સૂસ દોઆ પઢે.
- ❋ મૂઁહ ધોયા બાદ બેવે હાથોને કોણી તક ધોવાનો હુકમ છે. પહેલા જમણા હાથને ધોઇ તે બાદ ડાબા હાથને ધોઇ. અગર પહેલા ડાબા હાથને ભુલથી ધોઇ લીધો હોય તો જમણો હાથ ધોયા પછી ડાબા હાથને પાછો ધોઇ, પણ જાણી જોઇને ડાબા હાથના ધોવાને જમણા હાથ પર મુકદમ ન કરે. અગર કોઇ આ મુજબ કરે તો એની વુઝૂ નાકિસ કહેવાય. જો કોઇ આંગલીમાં વીટી પહેરેલી હોય તો તેને ધોતી વક્ત ફીરાવે જેનાથી તેને નીચેની ચામડી પર પાની પહોંચી શકે. હાથ પર અગર કોઇ તરહનો ઝખમ હોય અને તેના પર પટો બાંધેલો હોય, હવે તે પટો નીકાલવાથી ઝખમમાં બીગાડ થાવાનો ડર હોય યા બીજી કોઇ તકલીફ થાતી હોય તો તે પટાને નીકાલે નહી પણ હાથ ધોતી વક્ત ફક્ત તે જગા પરથી પાનીવાલો હલકો હાથ ફીરાવી દે. તકલીફના સબબ આ મુજબ અમલ કરવો જાઇઝ છે અને તે વુઝૂને નુકસાન પહોંચાડતું નથી. બેવે હાથ ત્રણ-ત્રણ વક્ત ધોઇ અને સાથે તે વાસ્તે બતાવેલી દોઆ પઢે. ★